2019

# રાષ્ટ્રીય આદિવાસી કલા મહોત્સવ – અહેવાલ

આદિવાસી સંશોધન અને તાલિમ કેંદ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર

# રાષ્ટ્રીય આદિવાસી કલા મહોત્સવ–૨૦૧૯

**સ્થળઃ નવજીવન કૉલેજ મેદાન, દાહોદ**

**તા. ૩–૦૨–૨૦૧૯ થી તા. ૫–૦૨–૨૦૧૯**




**આદિવાસી સંશોધન અને તાલિમ કેંદ્ર**

**ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ**

# મિનિટ ટુ મિનિટ કાર્યક્રમ

| અ.નં. | સમય | કાર્યક્રમની વિગત | રીમાર્કર્સ |
|---|---|---|---|
| 1 | 10:30 થી 11:20 | સાંસ્કૃતિક કાર્યક્રમો | |
| 2 | 11:20 થી 11:25<br>11:25 થી 11:30<br>11:30 થી 11:40<br>11:40 થી 11:55 | **પ્રાસંગિક ઉદ્દબોધન:**<br>શ્રી રમણભાઇ પાટકર, માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત સરકાર<br>**–ભીલ નૃત્ય, મહિસાગર, શ્રી મુકેશ બામણિયા**<br>શ્રી ઇશ્વરસિંહ પટેલ, માન.મંત્રીશ્રી સહકાર, રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગુજરાત સરકાર<br>**–ગૌડ મારિયા, આદિવાસી નૃત્ય, છત્તીસગઢ, શ્રી શ્રવણકુમાર**<br>શ્રી બચુભાઇ ખાબડ, માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, વન અને પશુસંવર્ધન, ગુજરાત સરકાર<br>**–ઘેર ઘૂમરા નૃત્ય, બાંસવાડા, રાજસ્થાન, શ્રી ખેમરાજ ડીડોર**<br>શ્રી ગણપતસિંહ વસાવા, માન.મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત સરકાર<br>**–ધનગીરી ગજા નૃત્ય, મહારાષ્ટ્ર, શ્રી અનિલ ભીમરાવ કોલેકર** | |
| 3 | 12:05 | હેલીપેડ દાહોદ ખાતે માન. મુખ્યમંત્રીશ્રીનું આગમન | |
| 4 | 12:05 થી 12:15 | "આદિજાતિ સાંસ્કૃતિક ભવન" ખાતે<br>માન. મુખ્યમંત્રીશ્રીનું આગમન | |
| 5 | 12:15 થી 12:20 | "આદિજાતિ સાંસ્કૃતિક ભવન"નુંઉદ્દઘાટન + (2) શહેરી આવાસ=૨૮૩.૧૮ કરોડ (૩) સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ<br>કુલ=૩૮ કરોડ | |
| 6 | 12:20 થી 12:30 | માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યક્રમના સ્થળે આગમન(આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ગ્રાઉન્ડ, દાહોદ) | |
| 7 | 12:30 થી 12:35 | માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા "આદિજાતિ હસ્તકલા મેળા"નું ઉદ્ઘાટન અને મુલાકાત | |
| 8 | 12:35 થી 12:40 | માન. મુખ્યમંત્રીશ્રીનું સ્ટેજ પર આગમન | |
| 9 | 12:40 થી 12:43 | સ્વાગત ગીત | |
| 10 | 12:43 થી 12:45 | સ્વાગત પ્રવચન | |
| 11 | 12:45 થી 12:47 | દિપપ્રાગટ્ય | |
| 12 | 12:47 થી 12:57 | માન. મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોનું સ્વાગત | **પુષ્પગુચ્છ, પરંપરાગત પાઘડી, કોટી, ભોરિયું વિ. પહેરાવવા તથા વિવિધ ભેટ (તીર–કામઠા વિ.)** |
| 13 | 12:57 થી 13:02 | આદિજાતિ વિકાસ વિભાગની સિધ્ધીઓ દર્શાવતી સીડીનું નિદર્શન | |
| 14 | 13:02 થી 13:10 | "બીહુ" નૃત્ય | |
| 15 | 13:10 થી 13:06 | શ્રી જસવંતસિંહ ભાભોર, માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, મિનિસ્ટ્રી ઓફ ટ્રાયબલ અફેર્સ, ભારત સરકારનું ઉદ્દબોધન | |
| 16 | 13:06 થી ..... | માન. મુખ્યમંત્રીશ્રીનું ઉદબોધન | |
| 17 | 13:36 થી 13:44 | લાભાર્થીઓને કીટ/ચેક/એવોર્ડ/સન્માનપત્ર/સર્ટીફીકેટ વિતરણ | સ્ટેજ પરના 20 લાભાર્થીઓને |
| 18 | 13:44 થી 13:46 | આભાર વિધી | |
| 19 | 13:46 થી 13:56 | સરકીટહાઉસ ખાતે આગમન | |

# નિમંત્રણ પત્રિકા



NATIONAL TRIBAL ART FESTIVAL

સત્યમેવ જયતે

વનબંધુ કલ્યાણ યોજના

## નિમંત્રણ

માનનીયશ્રી ____________________

આદિજાતિ મંત્રાલય, ભારત સરકાર, ન્યુ દિલ્હી,
આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર અને
આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ
દ્વારા આયોજીત

**રાષ્ટ્રીય આદિવાસી કલા મહોત્સવ-૨૦૧૯**

સમારંભના અધ્યક્ષ અને ઉદ્‌ઘાટક

**શ્રી વિજયભાઈ રૂપાણી**

માન. મુખ્ય મંત્રીશ્રી, ગુજરાત રાજ્યના
વરદ્ હસ્તે

તા. ૦૩/૨/૨૦૧૯ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે
નવજીવન કોલેજ ગ્રાઉન્ડ, દાહોદ સ્થળે યોજેલ છે

આપને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ

### : મુખ્ય મહેમાન :

**શ્રી જસવંતસિંહ ભાભોર**
માન. રા.ક. મંત્રીશ્રી,
આદિજાતિ મંત્રાલય,
ભારત સરકાર

**શ્રી સુદર્શન ભગત**
માન. રા.ક. મંત્રીશ્રી,
આદિજાતિ મંત્રાલય,
ભારત સરકાર

**શ્રી ગણપતસિંહ વસાવા**
માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ,
પ્રવાસન, વન, મહિલા અને
બાળ કલ્યાણ, ગુજરાત સરકાર

**શ્રી બચુભાઈ ખાબડ**
માન. રા.ક. મંત્રીશ્રી, ગ્રામ ગૃહનિર્માણ,
ગ્રામ વિકાસ, પશુપાલન, ગૌસંવર્ધન,
ગુજરાત સરકાર

**શ્રી ઈશ્વરસિંહ પટેલ**
માન. રા.ક. મંત્રીશ્રી, સહકાર, રમત-ગમત,
યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ (સ્વતંત્ર હવાલો),
વાહન વ્યવહાર, ગુજરાત રાજ્ય

**શ્રી રમણલાલ પાટકર**
માન. રા.ક. મંત્રીશ્રી,
આદિજાતિ વિકાસ અને વન,
ગુજરાત સરકાર

### : અતિથિ વિશેષ :

**શ્રી રમેશભાઈ કટારા**
ધારાસભ્યશ્રી, ફતેપુરા

**શ્રી વજેસિંહ પણદા**
ધારાસભ્યશ્રી, દાહોદ

**શ્રી ભાવેશ કટારા**
ધારાસભ્યશ્રી, ઝાલોદ

**શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા**
ધારાસભ્યશ્રી, ગરબાડા

**શ્રી શૈલેષભાઈ ભાભોર**
ધારાસભ્યશ્રી, લીમખેડા

**શ્રી કુબેરભાઈ ડિંડોર**
ધારાસભ્યશ્રી, સંતરામપુર

**શ્રી યોગેશભાઈ પારગી**
જિલ્લા પ્રમુખશ્રી, દાહોદ

**શ્રી પ્રવિર ક્રિષ્ના, IAS**
મેનેજિંગ ડિરેક્ટર, TRIFED,
ભારત સરકાર

**શ્રી જી. રમેશકુમાર, IAS**
ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, NSTFDC,
ભારત સરકાર

### : નિમંત્રક :

**શ્રી વી.પી. પટેલ, IAS**
સચિવશ્રી, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**શ્રી આર.સી. મીના, IAS**
સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**ડો. ચંદ્રકાન્ત ઉપાધ્યાય**
નિયામક, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**શ્રી જે. રંજીથકુમાર, IAS**
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ,
ગાંધીનગર

# હેતુ

આદિવાસીઓનો વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક કલા વારસો જગ વિખ્યાત છે, આ સંસ્કૃતિ અને કલા વારસાનું રક્ષણ અને સંવર્ધન કરવું તે ખૂબજ મહત્વનું છે. જેથી  આદિવાસી સમાજની નવી પેઢીને આ અમૂલ્ય વારસાનું જ્ઞાન થાય, ગૌરવ થાય. આ બાબતને ધ્યાનમાં રાખીને ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા આદિવાસીઓની કલા અને સંસ્કૃતિના રક્ષણ, સંવર્ધન અને પ્રચાર–પ્રસાર માટે વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે તે પ્રયાસોના ભાગરૂપે આદિવાસીઓની કલા–સંસ્કૃતિ અંગેના કાર્યક્રમો દેશભરમાં હાથ ધરીને આદિવાસી કલા–સંસ્કૃતિને પ્રોત્સાહિત કરવામાં આવી છે તે પ્રમાણે આદિજાતિ મંત્રાલય, ભારત સરકાર અને આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા દેશભરની આદિવાસીઓની કલા અને સંસ્કૃતિના જતન માટે પ્રોત્સાહન મળે, આમ જનતા આદિવાસી સંસ્કૃતિને નિહાળી શકે તથા વિવિધ રાજ્યોના તથા ગુજરાતના આદિવાસી સમુદાયોને પોતાની પરંપરાગત કલા અને સંસ્કૃતિનું પ્રદર્શન કરવાનો આવકાશ મળી રહે તે ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય આદિજાતિ કલા મહોત્સવ–૨૦૧૯નું આયોજન કરવામાં આવેલ.

દેશભરના આદિવાસી સમુદાયો આ કલા મહોત્સવમાં ભાગ લે અને પોતાના રાજ્યની  આદિવાસી સંસ્કૃતિ અને કલાને મોટા ફલક પર પ્રસરાવે તે હેતુસર આદિવાસી કલા મહોત્સવમાં આદિવાસી સાંસ્કૃતિક કાર્યક્રમો, આદિવાસી હસ્તકલા કૃતિ અને કુડનું પ્રદર્શન અને વેચાણ થાય તેના માધ્યમથી આદિવાસી હસ્તકલાકારોને રોજગારી પ્રાપ્ત થાય, દેશના અનેક રાજ્યમાં વસવાટ કરતા વિવિધ આદિવાસી સમુદાયોને આ કાર્યક્રમના માધ્યથી એક–બીજા રાજ્યની આદિવાસી સંસ્કૃતિ, કલા, નૃત્યોનો સમન્વય કરવાનો સુંદર અવકાશ પ્રાપ્ત થાય આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા રાષ્ટ્રીય આદિવાસી કલા મહોત્સવ–૨૦૧૯નું દાહોદ ખાતે આયોજન કરવામાં આવ્યું હતુ.

ઉપરોક્ત કર્યક્રમનો તબક્કાવાર ફોટા સાથેનો અધ્યતન વિગતો દર્શાવતો અહેવાલ નીચે પ્રમાણે છે.




રાષ્ટ્રીય આદિવાસી કલા મહોત્સવનુ ચાલુ વર્ષે દાહોદ ખાતે આયોજન કરવામા આવ્યુ. જે અન્વયે દાહોદ ખાતેની નવજીવન કૉલેજ મેદાનમા વિશાળ મેળાનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા ગુજરાત સહીત અન્ય રાજ્યોના સ્ટોલ્સનુ નિર્માણ કરવામા આવ્યુ હતુ. જેની બન્ને તરફ આ પ્રકારેની આવવા–જવાની વ્યવસ્થા કરવામા આવી હતી.





રાષ્ટ્રીય આદિવાસી કલા મહોત્સવ–૨૦૧૯ના કાર્યક્રમમા માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ અન્ય અપેક્ષીત મહાનુભાવોના સોહાર્દપૂર્ણ સ્વાગત અર્થે પારઁપારિક  પરીધાનમા ઢોલ–નગારા સાથે ઉપસ્થિત ઉત્સાહી દાહોદ વાસીઓ.






કાર્યક્રમના ઉદ્ઘઘાટક માન. મુખ્ય મંત્રીશ્રી અને અન્ય માહાનુભાવોનુ આદિવાસી પરઁપરા મુજબ આદિવાસી નૃત્ય ટીમો દ્વારા સ્વાગત કરવામા આવ્યુ.





માન. મુખ્યમંત્રીશ્રી તથા માન. મંત્રીશ્રી આદિજાતિ વિકાસનુ સ્વાગત દાહોદના મુળ આદિજાતિ પરઁપરા મુજબ કરવામા આવ્યુ અને માન. મુખ્ય મંત્રીશ્રીના હસ્તે તા. ૦૩–૦૨–૨૦૧૯ થી તા. ૦૫–૦૨–૨૦૧૯ સુધી ચાલનાર “રાષ્ટ્રીય આદિવાસી કલા મહોત્સવ–૨૦૧૯” ખુલ્લો મુકવામા આવ્યો.







માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા આદિજાતિ કલા મહોત્સવ–૨૦૧૯નું દિપ પ્રાગટ્ય કરી ઉદ્ઘાટન કરવામાં આવ્યુ. તેમજ સ્થાનિકો દ્વારા તેઓનુ પારમ્પારિક રીતી રિવાજ મુજબ તીર–કામઠા દ્વારા અભિવાદન કરવામા આવ્યુ. જેનો માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા સહર્શ સ્વીકાર કરવામા આવ્યો.





રાષ્ટ્રીય આદિવાસી કલા મહોત્સવ–૨૦૧૯મા પધારેલ માન. મુખ્યમંત્રીશ્રીનુ સચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગ તથા કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા ભેટ તેમજ શોલ આપી સ્વાગત કરવામા આવ્યુ.







કાર્યક્રમ અંતર્ગત દેશના વિવિધ રાજ્યોના તથા ગુજરાતના આદિવાસી હસ્ત–કલાકારો તેમજ સમાન્ય જનતા સમક્ષ ઉદ્બોધન કરતા માન. મુખ્યમંત્રીશ્રી જેમણે હાજર તમામ શ્રોતાઓના ઉત્સાહમા વધારો કર્યો.






માન. મુખ્યમંત્રીના હસ્તે આદિજાતિ વિકાસ વિભાગ અંતર્ગત આદિવાસી લાભાર્થીઓને જે સહાય યોજનાઓ અમલમાં મુકી છે તેમાં એક અને જી.ટી.ડી.સી. (ગુજરાત ટ્રાયબલ ડેવલોપમેન્ટ કૉર્પોરેશન) દ્વારા આદિજાતિ લાભાર્થીઓને વાહનોની સહાય આપવામાં આવી છે તે સાધનોનું વિતરણ માન. મુખ્યમંત્રીશ્રીના હસ્તે આવનાર છે ત્યારબાદ આદિજાતિ વિદ્યાર્થીઓ જે રાજ્યમાં અવ્વલ સ્થાને ઉતર્ણિય થયા છે તેઓને સન્માન પત્ર પ્રમાણપત્રોનુ વિતરણ કરવામા આવ્યુ.




રાષ્ટ્રીય આદિવાસી કલા મહોત્સવ-૨૦૧૯મા ભાગ લેવા આવેલ દેશના વિવિધ રાજ્યોના તથા ગુજરાતના મળી કુલ-૧૦૦ આદિવાસી હસ્ત-કલા ના વેચાણ અને પ્રદર્શન માટેના સ્ટોલ્સ નાખવામા આવેલ હતા જેની માન. મુખ્યમંત્રીશ્રી, આદિજાતિ વિકાસ મંત્રિશ્રી તેમજ ભારત સરકારના રાજ્ય કક્ષાના આદિજાતિ વિકાસ મંત્રિશ્રી દ્વારા અન્ય મહાનુભાવો સાથે મુલાકાત લેવામા આવી હતી તથા વિવિધ પારઁપારિક વસ્તુઓ તથા આદિવાસી હસ્તકલા અને ફુડ મેળાને નિહાળવામા આવેલ.

## માન. મુખ્ય મંત્રીશ્રી દ્વારા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનુ ભુમિપૂજન કરવામા આવ્યુ




દાહોદ જિલ્લો આદિવાસી વસતિનું મહત્વનું સ્થાન ધરાવે છે જેથી તેને ધ્યાનમાં રાખીને સરકારશ્રીએ 'આદિવાસી સાંસ્કૃતિક ભવન' રૂ ૨૮૩.૧૮ કરોડમાં સૌપ્રથમ વાર ગુજરાતમાં આ ભવનનુમ નિર્માણ કરવામાં આવ્યું છે આ ભવનમાં લાઈબ્રેરી, સાંસ્કૃતિક હોલ, નાનુ આદિવાસી મ્યુઝિયમ વિગેરે રહે છે આ સમગ્ર ભવનનો ઉપયોગ આદિવાસી સમુદાય માટે થશે. તેમજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે રૂ. ૩૮ કરોડની ફાળવણીની જાહેરાત.



**મણિપુર**




**મધ્ય પ્રદેશ**




**રાજસ્થાન**



**મણિપુર**

તા.૦૩–૦૨–૨૦૧૯ થી તા.૫–૦૨–૨૦૧૯ સુધી ચાલેલ આ હસ્ત કલા ક્રાફ્ટ અને ફુડ મેળામાં દેશના વિવિધ રાજ્યોના આદિવાસી હસ્ત–કલા સ્ટોલ્સ નાખવામા આવેલ હતા. જે પૈકી અહી મણીપૂર, રાજસ્થાન અને મધ્ય પ્રદેશના સ્ટોલ્સ તેમની વિશિષ્ઠ પારઁપારિક હસ્તકલાની વસ્તુઓ સાથે નજરે પડે છે.













આ હસ્ત કલા મેળામાં દેશના વિવિધ રાજ્યોના તથા ગુજરાતના મળી કુલ–૧૦૦ આદિવાસી હસ્ત–કલા સ્ટોલ્સ સાથે કુલ–૨૫૦ આદિવાસી હસ્ત–કલાકારો પોતાની હસ્તકલાનું વેચાણ અને પ્રદર્શન કરેલ તેમજ મેળામાં પરંપરાગત આદિવાસી ફુડ કોર્નરના માધ્યમથી આદિવાસી આહારનું વેચાણ અને પ્રદર્શન કરવામાં આવ્યુ હતુ.

## સાંસ્કૃતિક કાર્યક્રમો




**કહાડ્યા નૃત્ય, આહવા, ડાંગ**



**રાઠવા જાતિ નૃત્ય, કવાંટ**



**વસાવા જાતિ નૃત્ય**



**ભીલ જાતિ નૃત્ય, દાહોદ**

આ ત્રણ દિવસના કાર્યક્રમ અંતર્ગત દરરોજ સાંજે ૫.૦૦ કલાક થી રાત્રિના ૧૦.૦૦ કલાક સુધી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગુજરાત રાજ્યની પ્રખ્યાત ૧૦ આદિવાસી નૃત્ય ટીમોએ ભાગ લિધેલ તેમજ અન્ય રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, ગોવા અને મહારાષ્ટ્ર રાજ્યમાંથી કુલ–૬ આદિવાસી નૃત્ય ટીમોએ કાર્યક્રમમાં ભાગ લીધેલ. આમ સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત દેશભરની અને ગુજરાતની નામાંકિત કુલ–૧૬ આદિવાસી નૃત્ય ટીમોના–૩૫૦ જેટલા આદિવાસી નૃત્ય કલાકારો દ્વારા પોત–પોતાના નૃત્યના માધ્યમથી પોતાની આગવી સાંસ્કૃતિક પરંપરાનું પ્રદર્શન કરવામા આવેલ.

## નૃત્ય ટીમોને સાધન સહાયનુ વિતરણ



**રાઠવા ગ્રુપ**



**ગરાસિયા ગ્રુપ**



**વસાવા ગ્રુપ**



**પઢાર ગ્રુપ**

આદિવાસી સમુદાયોની સાંસ્કૃતિક વિરાસતની જાળવણી માટે કેંદ્ર દ્વારા રાજ્યની નૃત્ય ટીમોને વાજિંત્રો, ઘરેણા અને પહેરવેશની કિટ સહાય અંતર્ગત કુલ ૧૧ નૃત્ય ટીમોને સાધન સહાયનુ વિતરણ કરવામા આવ્યુ. (વાજિંત્રો, ઘરેણા અને પહેરવેશ) જેમા કુલ રૂ. ૧૯.૭૫ લાખનો ખર્ચ કરવામા આવ્યો.

## મોમેન્ટ વિતરણ










આ ત્રણ દિવસના કાર્યક્રમ અંતર્ગત ગુજરાત રાજ્ય તેમજ અન્ય રજ્યોની નૃત્ય ટીમો દ્વારા પ્રદર્શીત કરવામા આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ વિવિધ પ્રકારના સ્ટોલ્સ રાખવામા આવેલ આ તમામ સ્ટોલ ધારક તથા પ્રત્યેક નૃત્ય ટીમોને તેમના આ અદમ્ય સાહસ માટે મોમેંટો આપી પ્રોત્સાહીત કરવામા આવેલ હતા.

આમ આદિવાસીઓનો વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક કલા વારસાના રક્ષણ અને સંવર્ધન કરવા અર્થે ભારત સરકાર અને આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકારના સહીયારા પ્રયાસો દ્વારા રાષ્ટ્રીય આદિજાતિ કલા મહોત્સવ–૨૦૧૯નું આયોજન કરી વિવિધ રાજ્યોના તથા ગુજરાતના આદિવાસી સમુદાયોને પોતાની પરંપરાગત કલા અને સંસ્કૃતિનું પ્રદર્શન કરવાનો આવકાશ આપવામા આવ્યો. જેમા દેશભરના આદિવાસી સમુદાયો સાંસ્કૃતિક કાર્યક્રમો, આદિવાસી હસ્તકલા કૃતિ અને કુડનું પ્રદર્શન અને વિવિધ રાજ્યની આદિવાસી સંસ્કૃતિ, કલા, નૃત્યોનો સમન્વય કરવાનો સુંદર પ્રયાસ હાથ ધરવામા આવ્યો. આ સફળ આયોજન થકી ગુજરત રાજ્ય તેમજ અન્ય વિવિધ રાજ્યોમાથી આવેલા હસ્તકલકારોને રોજગારીનો અવસર મળ્યો તેમજ પોત – પોતાને આગવી પરંપરાગત ઓળખને આદાન–પ્રદાન કરવાનો એક અનેરો અવસર પ્રાપ્ત થયો. સાથે– સાથે આ કાર્યક્રમ દ્વારા સમગ્ર ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોના લોકોને આકર્ષવાનો પ્રયત્ન કરવામા આવ્યો જેથી આવકના એક નાવાજ સ્ત્રોતનુ નિર્માણ થયુ જે સ્થાનિક આદિવાસી લોકોને આત્મનિર્ભર બનાવશે અને આ આયોજનના મુખ્ય ઉદેશ્યને ફળીભુત કર્યો.




**અસ્તુ**